"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફનં.

તા: ૧૩/૦૩/૨૦૧૮
સુરત

તંત્રીશ્રી, ____________________

જાત નીચેની પ્રેસનોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનોવિશ્વાસુ,

નિલેશ માંડલેવાળા

નીલેશવિ. માંડલેવાળા, પ્રમુખ

---

## અનાવિલ સમાજના બ્રેનડેડ નિવૃત શિક્ષિકા રેખાબેન મહાદેવભાઈ દેસાઈના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.

નામ: રેખાબેન મહાદેવભાઈ દેસાઈ ઉ. વ. ૬૭ બ્લડગ્રુપ: O+ve

જીવનભારતી પ્રાથમિક શાળામાં અંગ્રેજી વિષયના શિક્ષિકા તરીકે ફરજ બજાવી નિવૃત થયા હતા.

રહેવાસી: બી-૩૦૧, શંખેશ્વર કોમ્પ્લેક્ષ, ઋષભ ચાર રસ્તા, રાંદેર રોડ, સુરત

કૌટુંબિકવિગત : પતિ: સ્વ. મહાદેવભાઈ ભીખુભાઈ દેસાઈ

પુત્ર: કંદર્પ મહાદેવભાઈ દેસાઈ ઉ.વ. ૩૭

અમેરિકામાં માં સોફ્ટવેર એન્જીનીયર તરીકે ફરજ બજાવે છે.

પુત્રવધુ : સ્નેહા કંદર્પ દેસાઈ ઉ.વ. ૩૬

અમેરિકામાં સોફ્ટવેર એન્જીનીયર તરીકે ફરજ બજાવે છે.

પૌત્ર : રિહાન કંદર્પ દેસાઈ ઉ.વ. ૦૪

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04.12.2014

DONATE LIFE™
an initiative for organ donation



બનાવનીવિગત:

શનિવાર તા. ૧૦ માર્ચ ૨૦૧૮ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે રેખાબેનને ઉલટી થતા બેભાન થઇ જતા તેમને તાત્કાલિક મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં ફીજીશીયન ડૉ.રાજેશ બકરીવાળા અને ન્યુરોફીજીશિયન ડૉ.પાર્થિવ દેસાઈ ની સારવાર હેઠળ દાખલ કરી શારવાર શરૂ કરવામાં આવી..

નિદાન માટે સીટી સ્કેન કરાવતા બ્રેન હેમરેજ અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

સોમવાર તા:૧૨મી. માર્ચના રોજ ન્યુરોફીજીશયન ડૉ.પાર્થિવ દેસાઈ અને ન્યુરોસર્જન ડૉ.પરાગ પંડયાએ રેખાબેનને બ્રેનડેડ જાહેર કર્યા.

ફીજીશીયન ડૉ.રાજેશ બકરીવાળા અને ઇન્ટેન્ટસીવીસ્ટ ડૉ.આલોક શાહે ડોનેટલાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રેખાબેનના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટલાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી રેખાબેન પુત્ર કંદર્પ, તેમજ પરિવારના ડૉ.બંકિમ દેસાઈ, ડૉ.અનિતા દેસાઈ, ડૉ.રચના દેસાઈ, CA નિરવ દેસાઈ તથા પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સૌ સભ્યોએ જણાવ્યું કે અમે વારંવાર વર્તમાનપત્રો માં ઓર્ગન ડોનેશનના સમાચાર વાંચતા હતા. તેમજ હોસ્પીટલના આઈ.સી.યુ. ની બહાર ઓર્ગન ડોનેશનની જાણકારી આપતા ડોનેટ લાઈફના પોસ્ટર દ્વારા પણ અમને ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાયું હતું. આથી જયારે અમારું સ્વજન બ્રેનડેડ છે અને તેમનું મૃત્યું નિશ્ચિત જ છે ત્યારે એમના અંગો બળીને રાખ થઇ જાય એના કરતાં તેમના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ.પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

૩...

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ.સુચેત ચૌધરી અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની  પટિયાલા પંજાબનાં રહેવાસી મદનગોપાલ જગન્નાથ ગર્ગ ઉ.વ. ૬૪ અને બીજી કિડની વલસાડના રહેવાસી ગુલામ બશીર મોહમ્મદ શેખ ઉ. વ. ૬૩ માં, જ્યારે લિવર બરોડાના રહેવાસી જીજ્ઞેશ દિલીપભાઈ શાહ ઉ.વ. ૪૨ માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) માં ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની સમગ્ર પ્રક્રિયામાં રેખાબેનના પુત્ર કંદર્પ, તેમજ પરિવારના ડૉ.બંકિમ દેસાઈ, ડૉ.અનિતા દેસાઈ, ડૉ.રચના દેસાઈ, CA નિરવ દેસાઈ અને પરિવારના અન્ય સભ્યો, ફીજીશીયન ડૉ.રાજેશ બકરીવાળા, ન્યુરોફીજીશ્યન ડૉ.પાર્થિવ દેસાઈ, ન્યુરોસર્જન ડૉ.પરાગ પંડયા, ઇન્ટેન્ટસીવીસ્ટ ડૉ.આલોક શાહ  મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટલાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૪૩ કિડની, ૯૮ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હૃદય અને ૨૦૬ ચક્ષુઓના દાન મેળવીને ૫૬૭ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.


**Nilesh Mandlewala**
President
+91 98258 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**